પંચાયત સેવા વર્ગ - ૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

સચિવાલય, ગાંધીનગર,

તા.૨૦/૧૦/૨૦૧૬

વંચાણે લીધા -

૧.સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૬ નો પત્ર ક્રમાંક-અપગ/૧૦૨૦૧૬/૧૬૦/૭૮૪/રો.૧

ઠરાવ :-

વંચાણે લીધેલ ક્રમ – ૧ ના પત્રથી વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી નોકરીમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ અને તેવી જગ્યાઓ ઉપર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણુંક થઇ શકે તે અંગે વિચારણા કરવા તા.૬/૧૦/૨૦૧૬ ના રોજ મળેલ પેટાતજજ્ઞ સમિતીની બેઠકમાં નકકી થયા મુજબ પંચાયત સેવા, વર્ગ – ૩ સંવર્ગની નીચેની જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે જે તે જગ્યા સામે દર્શાવેલ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. વિસ્તરણ અધિકારી (સહકાર), વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV – low vision |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH – Hearing Handicapped |
| 3 | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA –<br>(OA = one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>OL –<br>(OL = one Leg affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic., |

## ૨. વિસ્તરણ અધિકારી (ખેતી), વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV – low vision |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH – Hearing Handicapped |
| ૩ | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA –<br>(OA = one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>OL –<br>(OL = one Leg affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic., |

## ૩. આંકડા મદદનીશ, વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV – low vision<br>B - blind |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH – Hearing Handicapped |
| ૩ | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OL –<br>(OL = one Leg affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>BL –<br>(BL = both legs but not arms) |

## ૪. સંશોધન મદદનીશ, વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV – low vision<br>B - bilind |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH – Hearing Handicapped |
| 3 | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA –<br>(OA = one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>OL –<br>(OL = one Leg affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic |

## ૫. સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | ૧ ટકો | LV – low vision |
| ૨ | શ્રવણની ખામી | ૧ ટકો | HH – Hearing Handicapped |
| 3 | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧ ટકો | OA –<br>(OA = one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>BL –<br>(BL = both legs but not arms)<br>OAL –<br>(OAL = one arm and one leg affected) |

## ૬. સર્વેયર, વર્ગ - ૩

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રવણની ખામી | ૧.૫ ટકા | HH – Hearing Handicapped |
| ૨ | હલન ચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો | ૧.૫ ટકા | OA –<br>(OA = one arm affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic.,<br>OL –<br>(OL = one Leg affected (R or L),<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic |

૨. જે સંવર્ગમાં B,LV અને HH ની વિકલાંગતા હોઇ ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇ ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (Profound / Total) વિકલાંગતા ધરાવતા હોઇ એવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે.

3. આ જગ્યાઓમાં ઉપરોકત કેટેગરીની વિકલાંગ વ્યકિતઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો મુજબ જે તે ભરતી પ્રસંગ પછી ત્યાર પછીના ૩ ભરતી પ્રસંગ પછી આગળ ખેંચીને ભરવાની રહેશે. ત્યારબાદ તે અનામત જગ્યાઓ રદ થયેલ ગણાશે.

૪. આ હુકમો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૩૦/૯/૨૦૧૬ ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતીની બેઠકમાં સમિતિના નિર્ણયોને આધિન બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.પટેલ)
ઉપસચિવ,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના –

- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ. .
- જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (તમામ), સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત. (જિલ્લો. )
- નાયબ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ ભવન, શશીકુંજ, જુનાગઢ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,તમામ (તાબાની તમામ તાલુકા પંચાયતોને નકલ મોકલી આપવાની વિનંતી સહ)
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- શાખા સીલેકટ ફાઇલ.

પંચાયત સેવા વર્ગ – ૩ સંવર્ગની સીધી ભરતીથી નિમણુંક કરી ભરવાની થતી જગ્યાઓમાં શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૩/૫/૨૦૧૭

વંચાણે લીધા -

૧. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૦/૧૦/૧૬ ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

૨. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૩, તા.૬/૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

સુધારા ઠરાવ :-

વંચાણે લીધેલ ક્રમ – ૨ ના પત્રથી વિકલાંગ વ્યકિતઓ માટે સરકારી નોકરીમાં અનામત રાખી શકાય તેવી જગ્યાઓ અને તેવી જગ્યાઓ ઉપર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણુંક થઇ શકે તે અંગે તા.૧૧/૧૨/૨૦૧૩ અને તા.૬/૧/૨૦૧૪ ના ઠરાવથી પંચાયત સેવા, વર્ગ – ૩ સંવર્ગની નીચેની જગ્યાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે જે તે જગ્યા સામે દર્શાવેલ અનામત કક્ષાના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ હતું.

સદરહું ઠરાવોમાં જણાવેલ પંચાયત સેવાના વર્ગ – ૩ ના સંવર્ગો પૈકી અધિક મદદનીશ ઇજનેર, કમ્પાઉન્ડર, મુખ્ય સેવિકા, વિભાગીય હિસાબનીશ, સમાજ કલ્યાણ નિરીક્ષક (જુની.ગ્રેડ) લેબ.ટેકનીશીયન, નાયબ ચીટનીશ, જુની.કલાર્ક (વહીવટ/હિસાબ), ગ્રામ સેવક અને ગ્રામ પંચાયત મંત્રીમાં મોડરેટ એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ કે ૭૫ ટકાથી ઓછી વિકલાંગતાવાળા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત રાખવાની થતી હતી. પરંતુ ભારત સરકારના જાહેરનામામાં ઉલ્લેખ થયેલ છે તે મુજબ જે સંવર્ગમાં B, LV અને HH ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇ ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (profound/total) વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે.

આથી પંચાયત સેવાના વર્ગ - ૩ ના સંવર્ગો પૈકી અધિક મદદનીશ ઇજનેર, કમ્પાઉન્ડર, મુખ્ય સેવિકા, વિભાગીય હિસાબનીશ, સમાજ કલ્યાણ નિરીક્ષક (જુની.ગ્રેડ) લેબ.ટેકનીશીયન, નાયબ ચીટનીશ, જુની.કલાર્ક (વહીવટ/હિસાબ), ગ્રામ સેવક અને ગ્રામ પંચાયત મંત્રી જેવા સંવર્ગોમાં B, LV અને HH ની વિકલાંગતા હોય ત્યાં હાલની આધુનિક ટેકનોલોજીને ધ્યાને લઇ ૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (profound/total) વિકલાંગતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને પાત્ર ગણવાના રહેશે તેમ આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો સામાજીક ન્યાય અધિકારીતા વિભાગની તા.૧૯/૦૫/૨૦૧૭ ની નોંધ પર મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.સી.સથવારા)

ઉપસચિવ,

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના –

- માન.રા.ક.મંત્રીશ્રી (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ. .
- જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ (તમામ), સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત. (જિલ્લો. )
- નાયબ નિયામકશ્રી, ગ્રામ વિકાસ અને પંચાયતી રાજ તાલીમ ભવન, શશીકુંજ, જુનાગઢ.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,તમામ (તાબાની તમામ તાલુકા પંચાયતોને નકલ મોકલી આપવાની વિનંતી સહ)
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.
- શાખા સીલેકટ ફાઇલ.
- સીસ્ટમ મેનેજર, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

પ૫૩૫

ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૨/૨૦૧૮

12 . 2018

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન,

સેક્ટર –૧૦ –એ,ગાંધીનગર.

વિષયઃ- ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ ગાંધીનગર ધ્વારા આગામી સમયમાં યોજવામાં આવનાર ભરતી પ્રક્રિયામાં શારીરિક અશક્તતા અંગેની જોગવાઇ બાબતે માર્ગદર્શન આપવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આપના પત્રનં-આર.બી/૩૦/૧૭-૧૮/૩૩ તા.૦૨/૦૧/૨૦૧૮ અન્વયે જણાવવાનું કે, તા.૨૮/૦૩/૨૦૧૪ તથા તા.૧૯/૦૪/૨૦૧૪ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતીની ભલામણ મુજબ હવેથી ભારત સરકારના જાહેરનામાંમાં ઉલ્લેખ છે તે મુજબ તમામ વિકલાંગ કેટેગરીના ઉમેદવારોને પાત્ર ગણવાના રહે છે. ભારત સરકારના તા.૨૯/૦૭/૨૦૧૩ના નોટીફિકેશનથી જે તે જગ્યા માટે કેવા પ્રકારની વિકલાંગ વ્યક્તિ યોગ્ય ગણાય તે નક્કી કરેલ છે. પરંતુ આ માટે વિકલાંગતાની ટકાવારી ઉપરની કોઇ મર્યાદા નક્કી કરેલ નથી. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવથી (b) Moderate (40% and above disability) (b) Severe (75% and above disability) (d) (Profound/Total-100%) કેટેગરીના વિકલાંગ ઉમેદવારોને અનામતના લાભ/છુટછાટ માટે પાત્ર ગણેલ છે. ભારત સરકારના તા.૨૯/૦૭/૨૦૧૩ના નોટીફિકેશન તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ના ઠરાવમાં વિકલાંગતાના પ્રકારમાં મગજનો લકવો (CP) ને હલનચલનની વિકલાંગતામાં સમાવેશ કરેલ છે. આથી ભારત સરકારના નોટીફિકેશન, સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ તથા પેટા તજજ્ઞ સમિતીની ભલામણો ધ્યાને લેતાં જે તે જગ્યા માટે વિકલાંગતાની ટકાવારી ધ્યાને લેવાની રહેતી નથી.

આમ જે તે જગ્યા માટે યોગ્ય ગણેલ અને કોઇપણ અનામતના લાભ આપવા માટે ૪૦% વિકલાંગતા અનિવાર્ય છે. ૪૦% કે તેથી વધારે વિકલાંગતા ધરાવતા ઇસમોને જ લાભ આપી શકાય છે.

આમ ઉપર મુજબની વિગતો ધ્યાને લઇ નિયમોનુસારની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એસ.એસ.પારેખ)

નાયબ સચિવ

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**